# આકાશવાણી ભુજ

## સમાચારવાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ

તારીખ :૦૯-૧૦-૨૦૨૩ સમય: સાંજે :૦૬-૨૫

---

## વિધાનસભા ચુંટણી

કેન્દ્રિય ચૂંટણી પંચે રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા,છત્તીસગઢ અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીની આજે જાહેરાત કરી છે. છત્તીસગઢમાં પહેલા તબક્કામાં સાતમી નવેમ્બરે અને બીજા તબક્કામાં17મી નવેમ્બરે મતદાન થશે. મિઝોરમમાં સાતમી નવેમ્બરે ચૂંટણી યોજાશે. મધ્યપ્રદેશમાં 17મી નવેમ્બરે, રાજસ્થાનમાં 23મી નવેમ્બરે અને તેલંગાણામાં 30મી નવેમ્બરે ચૂંટણી યોજાશે. પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી ની મતગણતરી આગામી ત્રીજી ડિસેમ્બરે યોજાશે.

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે આજે દિલ્હીમાં પત્રકાર પરિષદ યોજીને પાંચ રાજ્યોની ચૂંટણીની જાહેરાત કરી હતી. તેમણે ખાત્રીઆપી કે, પાંચેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય એ બાબત ચૂંટણી પંચ સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું કે, પાંચ રાજ્યોમાં વિધાનસભાની 679 બેઠકો છે. આ પાંચ રાજ્યોમાં 17 હજાર 734 આદર્શ મતદાન મથકો ઉભા કરાશે.દરેક મતદાન મથકે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. વિધાનસભાની ચૂંટણીમાં 16 કરોડ મતદારો મતાધિકાર ધરાવે છે, આ પૈકી 60 લાખ મતદારો પહેલીવાર મતદાન કરશે. ચૂંટણી પંચે પાંચ રાજ્યોનીમુલાકાત લઇને ત્યાંના વહીવટીતંત્ર તેમજ કેન્દ્ર અને રાજ્યની એન્ફોર્સમેન્ટ એજન્સીઓના પ્રતિનિધીઓ સાથે ચર્ચા વિચારણા કરી છે.

**National News**

---

## વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ગાંધીધામ –બાઈટ અમિત અરોરા

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની 20 વર્ષની ઉજવણી થઇ રહી છે ત્યારે કચ્છ જિલ્લાકક્ષાની વાઈબ્રન્ટ સમિટનું આવતીકાલે મંગળવારના ગાંધીધામ ખાતે આયોજન કરાયુ છે. મુખ્ય અતિથિ રાજ્યકક્ષાના લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉધોગમંત્રી જગદીશભાઇ વિશ્વકર્મા તથા વિશિષ્ટ મહેમાન તરીકે પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં સમિટને ખુલ્લી

મુકવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ કચ્છ સમિટને લઈને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ ઔદ્યોગિક એકમો સાથે મળીને તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ અંગે ભુજમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપતા જિલ્લા કલેકટર અમિત અરોરાએ આ પ્રમાણે જણાવ્યુ હતું.

**National News**

------------------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ICC ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધામાં આજે ન્યુઝીલેન્ડનો સામનો નેધરલેન્ડ સામે છે. આ મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઇ રહેલ મેચમાં નેધરલેંડ ટોસ જીત્યો હતો છેલ્લા સમય બાદ મળ્યા ત્યારે ન્યુઝીલેન્ડે ૫૦ ઓવરમાં ૭ વિકેટના ભોગ ૩૨૨ રન કર્યા છે.

દિવ્યભાસ્કર

---------------------------------------------------------------